For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

શંકાસ્પદ હરકતો પરથી ભાંડો ફૂટ્યો, એસઓજી-ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી

વડોદરાની રેલવે લાઈન પર 'બોમ્બ'નો ડ્રામા ફરિયાદી મૂળ કાશ્મીરનો મુસ્તાક જ નીકળ્યો આરોપી

કોન્ટ્રાક્ટ એક્સટેન્શન મેળવવા નિવૃત્ત આર્મી કર્મચારીએ રેલવે ટ્રેક પર કોલ્ડ પાયરો પ્લાન્ટ કર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેર નજીક અનગઢ ગામના નવાપુરા વિસ્તારમાંથી પસાર થતી રેલવે લાઈન ઉપર બોમ્બ જેવો વિસ્ફોટક પદાર્થ મળ્યાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની ઘનિષ્ઠ તપાસમાં બોમ્બની ફરિયાદ આપનાર વ્યક્તિ જ આ સમગ્ર કાવતરાનો મુખ્ય આરોપી હોવાનું બહાર આવ્યું છે.

ગ્રામજનોમાં ફફડાટ, પોલીસ તંત્ર દોડતું થયું

નવાપુરા વિસ્તારમાં રેલવે લાઈન ઉપર શંકાસ્પદ વિસ્ફોટક દેખાતા ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની જાણ થતા શહેરના જોઇન્ટ પોલીસ કમિશનર લીના પાટીલ, બોમ્બ સ્કોડ, ડોગ સ્કોડ, એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે રેલવેમાં કોન્ટ્રાક્ટ પર નોકરી કરતા અને નિવૃત્ત આર્મી કર્મચારી 47 વર્ષીય મુસ્તાક અહમદ મોહમદ શેખએ પોતાના કોન્ટ્રાક્ટને એક્સટેન્શન મળવા માટે આ ષડયંત્ર રચ્યું હતું. આરોપીએ લગ્ન પ્રસંગોમાં વપરાતા 'કોલ્ડ પાયરો' નામના પદાર્થને બોમ્બ સમાન દેખાય તે રીતે રેલવે ટ્રેક પર મૂકી દીધો હતો અને ત્યારબાદ પોતે જ પોલીસમાં ફરિયાદ કરી હતી.

ડીસીપી ઝોન-1નો ખુલાસો

ડીસીપી ઝોન-1 જગદીશ ચાવડાએ જણાવ્યું હતું કે આરોપી 2024થી 2026 સુધી રેલવે પોલીસમાં ત્રણ વર્ષના કોન્ટ્રાક્ટ પર કાર્યરત હતો. કોન્ટ્રાક્ટ પૂર્ણ થવા જઈ રહ્યો હોવાથી સારી કામગીરી બતાવી એક્સટેન્શન મેળવવાના હેતુથી આ બનાવ કરવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં આ પદાર્થ માયનર એક્સપ્લોસિવ હોવાનું સામે આવ્યું છે.

FSL રિપોર્ટની રાહ, ATSની નજર

પોલીસે વિસ્ફોટક પદાર્થના નમૂનાઓ ગાંધીનગર FSLમાં મોકલ્યા છે. FSL રિપોર્ટ આવ્યા બાદ વધુ વિગતો બહાર આવશે. આ કેસ ઉપર ATS દ્વારા પણ નજર રાખવામાં આવી રહી છે. હાલ આરોપીની ધરપકડ કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વડોદરાના નિવૃત્ત સિનિયર સિટીઝનને મની લોન્ડરિંગના ખોટા કેસમાં ફસાવવાની ધમકી

5 દિવસ સુધી 'ડિજિટલ અરેસ્ટ' રાખી માનસિક ત્રાસ, 16 લાખની માંગણી

વડોદરા તાલુકા પોલીસે ઝડપી કાર્યવાહીથી સાયબર ફ્રોડ અટકાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરાના એક નિવૃત્ત સિનિયર સિટીઝનને મની લોન્ડરિંગના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી સાયબર ઠગોએ પાંચ દિવસ સુધી 'ડિજિટલ અરેસ્ટ'માં રાખી ગંભીર માનસિક ત્રાસ ગુજાર્યો હતો અને રૂ. 16 લાખની માંગણી કરી હતી. જોકે, બેંક મેનેજરની સતર્કતા અને તાલુકા પોલીસની સમયસર કાર્યવાહીથી આ રકમ સાયબર ઠગના ખાતામાં RTGS થતી અટકાવી સિનિયર સિટીઝનને મોટા સાયબર ફ્રોડમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. ઈન્ડસઈન્ડ બેંક, ભાયલી બ્રાંચના મેનેજર દ્વારા તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી કે, એક સિનિયર સિટીઝને ગઈકાલે

રૂ. 20 લાખની FD તોડાવી છે અને આજે તે રકમ કોઈ અજાણ્યા ખાતામાં ટ્રાન્સફર કરવા આવ્યા છે. સિનિયર સિટીઝન ગભરાયેલી હાલતમાં હતા તથા સતત વીડિયો કોલ પર કોઈ સાથે વાત કરી રહ્યા હતા. પૈસા કોને અને કેમ ટ્રાન્સફર કરવા છે તે અંગે સ્પષ્ટ જવાબ ન મળતા બેંક મેનેજરને શંકા જતા તાત્કાલિક તાલુકા પોલીસને જાણ કરવામાં આવી હતી.

સાયબર ઠગોએ મુંબઈ ક્રાઈમ બ્રાંચ તથા સુપ્રીમ કોર્ટના બનાવટી દસ્તાવેજોના ફોટા મોકલી સિનિયર સિટીઝનને માનસિક રીતે તોડી નાખ્યા હતા અને પાંચ દિવસ સુધી 'ડિજિટલ અરેસ્ટ'માં રાખ્યા હતા. મની લોન્ડરિંગના કેસમાંથી બચવા માટે રૂ. 16 લાખ તાત્કાલિક RTGS દ્વારા આનંદ ફાઈનાન્સ બેંક, ગુડગાંવમાં મોકલવા દબાણ કરવામાં આવ્યું હતું. રકમ ન આપો તો ઘરે પોલીસ મોકલી ધરપકડ કરી જેલમાં મોકલવાની ધમકી પણ આપવામાં આવી હતી.

મહિલાને ધમકાવવા સાથે જાતિ વિરુદ્ધ અપશબ્દો ભાંડયા હોવાનો આરોપ

શનિદેવ મંદિરના વહીવટના વિવાદમાં ભાયલી ગામના પૂર્વ સરપંચ દર્પણ પટેલની અટકાયત

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા જિલ્લાના ભાયલી ગામે આવેલા શનિદેવ મંદિરનો વહીવટ પૂજારીને તથા વહીવટ કરતાને સોંપી દેવા માટે મહિલાને ધમકી આપવા સાથે જાતે વિરુદ્ધ શબ્દો પૂર્વ સરપંચ દર્શન પટેલ દ્વારા ભાંડવામાં આવ્યા હતા. ત્યારે આ મંદિરના વહીવટના વિવાદને લઈને ધમકી મળતા મહિલાએ પૂર્વ સરપંચ એટ્રોસિટી ની અરજી તાલુકા પોલીસ સ્ટેશનમાં આપી હતી.

જેથી પોલીસે આ પૂર્વ સરપંચની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા જિલ્લાના ભાયલી ગામમાં ગ્રામજનો દ્વારા બનાવવામાં આવ્યું હતું. ત્યારે આ મંદિરની મહિલા દ્વારા પૂજા કરવામાં આવતી હતી. પરંતુ ભાયલી ગામના પૂર્વ સરપંચ દર્પણ પટેલ દ્વારા તાજેતરમાં મંદિર ખાતે ગયા હતા અને મહિલાને તમારે કોઈ મંદિરનું કરવું નહિ ગામના પુજારી દ્વારા પૂજા પાઠ સહિતનું કામ કરવામાં આવશે. જેને લઈને મોટો વિવાદ થયો હતો અને ઉપરાંત પૂર્વ સરપંચ દ્વારા મહિલાને જાતિ વિરૂદ્ધ અપશબ્દો બોલીને તેમનું જાતીય અપમાન પણ કરવામાં આવ્યું હતું.

જેના કારણે મહિલાએ પૂર્વ સરપંચ વિરુદ્ધ માં તાલુકા પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટી મુજબ અરજી આપવામાં આવી હતી જેમાં પૂર્વ સરપંચ સરપંચ પટેલ દ્વારા ગામમાં બનાવવામાં આવેલા શનિદેવના મંદિરના વહીવટી વિવાદમાં પૂર્વ સરપંચ દ્વારા મહિલાને ખોટી રીતે અપમાનિત કરવાં સાથે ધમકી પણ આપવામાં આવી હતી. જેના કારણે મહિલાએ આ પૂર્વ સરપંચ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી સાથે તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી આપી હતી. ત્યારે તાલુકા પોલીસ દ્વારા ભાયલી ગામના પૂર્વ સરપંચ દર્પણ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પૂર્વ સરપંચ દર્પણ પટેલ દ્વારા મહિલાને મંદિરનો સંપૂર્ણ વહીવટ પૂજારી અથવા વહીવટ કરતા સોંપી દેવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હોવાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે.

8 માર્ચ પછી પડશે આકરી ગરમી,તાપમાન 35.2 ડીગ્રી નોંધાયું

વડોદરા : હાલ વહેલી સવારે અને મોડી રાત્રે સામાન્ય ઠંડીનો અનુભવ યથાવત જોવા મળી રહ્યો છે. નિષ્ણાંતોના મતે 15 ફેબ્રુઆરીથી ઉનાળાની શરૂઆત થતી હોય છે અને ક્રમશઃ આ તાપમાન અપ થતું હોય છે. ઉનાળા જેવો અહેસાસ થતો હોય છે, પણ આ વર્ષે 2026 ના ઉનાળામાં હજી જોઈએ એ પ્રકારની ઉનાળાની શરૂઆત થઈ નથી. એનું કારણ એ છે કે ઉત્તર ભારતના પહાડો પરથી ડબલ્યુ ડી વેસ્ટન ડીસ્ટર્બન્સ પસાર થવાનું ચાલુ છે અને હજી પણ ગુજરાત સુધી ઉત્તર અને ઉત્તર પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે જેના કારણે હજી પણ તાપમાન 35 ડિગ્રીની આસપાસ જોવા મળી રહ્યું છે. સામાન્ય રીતે દર વર્ષે ફેબ્રુઆરીમાં અને એમાં પણ ખાસ કરીને 15 ફેબ્રુઆરી બાદ તાપમાન 35 થી 38 ડિગ્રીની રેન્જમાં જોવા મળતું હોય છે, પણ આ વર્ષમાં તાપમાન ઓછું જોવા મળી રહ્યું છે. ત્યારે, હવે આવનારા એક બે દિવસની અંદર ગરમીનું પ્રમાણ નીચું જોવા મળે તેવી શક્યતા રહેલી છે.

કન્ટેનર ખાલી પણ છત પર 'ખજાનો'! વડોદરા પોલીસે બુટલેગરોની અનોખી તરકીબનો પર્દાફાશ કર્યો

સમિયાલા પાસે LCBના પેટ્રોલિંગમાં રૂ.1.09 કરોડનો મુદ્દામાલ ઝડપાતા બુટલેગરોમાં ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ગુજરાતમાં દારૂબંધીના અમલ વચ્ચે બુટલેગરો દ્વારા અપનાવવામાં આવતી નવી નવી તરકીબોનો વડોદરા જિલ્લા પોલીસે પર્દાફાશ કર્યો છે. પંજાબ-હરિયાણાથી મહારાષ્ટ્ર થઈને ગુજરાતમાં ઘૂસાડવામાં આવતો 94.23 લાખની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જિલ્લા એલસીબી એ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ-વે ભારતમાલા હાઈવે પરથી ઝડપી પાડ્યો છે. પોલીસે કન્ટેનર અને મોબાઈલ સહિત કુલ 1.09 કરોડનો મુદ્દામાલ જપ્ત કરી રાજસ્થાનના એક શખ્સની ધરપકડ કરી છે. સામાન્ય રીતે ઉત્તર ભારતથી આવતો દારૂ સીધો રાજસ્થાન સરહદેથી ગુજરાતમાં પ્રવેશતો હોય છે,

પરંતુ પોલીસની સતર્કતાને કારણે બુટલેગરોએ આ વખતે રૂટ બદલ્યો હતો. પંજાબ-હરિયાણા બોર્ડર પરથી ભરેલું આ કન્ટેનર ટૂંકો રસ્તો છોડીને રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર થઈને દક્ષિણ ગુજરાતની નવાપુરા બોર્ડરથી રાજ્યમાં પ્રવેશ્યું હતું. ભારતમાલા હાઈવે પરથી પસાર થઈ રહેલા આ શંકાસ્પદ કન્ટેનરને પોલીસે સમ્યાલા પાસે આંતર્યું હતું. ગઈ રાત્રે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે રાજસ્થાન પાસિંગના કન્ટેનરને રોક્યું હતું. પ્રાથમિક તપાસમાં કન્ટેનરનો દરવાજો ખોલતા તે અંદરથી સાવ ખાલી જણાયું હતું. જોકે, ઝીણવટભરી તપાસ દરમિયાન પોલીસને કન્ટેનરની છતની ઉપરના ભાગે એક ગુપ્ત ખાનું હોવાનું જણાયું હતું. આ ચોરખાનું ખોલતા જ પોલીસ પણ દંગ રહી ગઈ હતી, કારણ કે તેમાં વિદેશી દારૂની પેટીઓ અત્યંત વ્યવસ્થિત રીતે ગોઠવેલી હતી. ઝડપાયેલા ડ્રાઈવર ગોકલારામ પન્નારામ જાટ રહે. રાજસ્થાન ની પૂછપરછમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. તેણે જણાવ્યું કે, રાજસ્થાનના રોહનલાલ બુધરામ બિશ્નોઈએ તેને આ ફેરો કરવા જણાવ્યું હતું. ચાર દિવસ પહેલા આ કન્ટેનર પંજાબ-હરિયાણા બોર્ડર પર લુધિયાણા રોડ પાસે રાજપુરાથી 30 કિમી દૂર ચંડીગઢ નજીક એક ગોડાઉનમાં લઈ જવામાં આવ્યું હતું, જ્યાં આ દારૂ લોડ કરાયો હતો. હાલ વડોદરા તાલુકા પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો નોંધવામાં આવ્યો છે.

પોલીસ હવે આ નેટવર્ક પાછળ મુખ્ય સૂત્રધાર રોહનલાલ બિશ્નોઈ અને ગુજરાતમાં આ જથ્થો કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ તેજ કરી રહી છે.

સમાના એયપ્પા ગ્રાઉન્ડ પાસે કાર ચાલકે સર્જ્યો અકસ્માત

સમા વિસ્તારમાં બેરિકેડ તોડી કાર ડ્રેનેજના ખાડામાં ઘૂસી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરામાં સમા એયાપા ગ્રાઉન્ડ પાસે ડ્રેનેજ નાખવાની કામગીરી ચાલી રહી હોવાથી રસ્તા પર સુરક્ષાના ભાગરૂપે બેરિકેડ્સ મુકવામાં આવ્યા હતા. દરમિયાન, પૂરપાટ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે સ્ટેયરીંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. કાર ચાલકે પહેલા એક ટેમ્પાને ટક્કર મારી હોવાનું જાણવા મળી રહ્યું છે, અને ત્યારબાદ રોડ સાઈડમાં મુકેલા બેરિકેડ્સ તોડીને કાર સીધી ડ્રેનેજના ઊંડા ખાડામાં ઉતારી દીધી હતી.અકસ્માતનો પ્રચંડ અવાજ આવતા જ આસપાસના રહીશો અને રાહદારીઓના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. કારની ઝડપ વધુ હોવાથી કારની એરબેગ પણ ખુલી ગઈ હતી. સદનશીબે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી.

પરંતુ કારમાંથી બહાર નીકળેલ યુવાન નશામાં હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. કાર ચાલક ખરેખર નશામાં હોતો કે કેમ એતો પોલીસ તપાસ બાદ જ ખબર પડશે. પરંતુ આ દ્રશ્યો જોઈ સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા જ સમા પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે અકસ્માત સર્જનાર યુવાનની અટકાયત કરી તેને પોલીસ સ્ટેશન લઈ ગઈ હતી અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગઇકાલે થયેલા સમા વિસ્તારમાં અકસ્માતનો આરોપી ઝડપાયો

ગત રાત્રિએ સમા વિસ્તારમાં થયેલા અકસ્માતમાં પોલીસની કડક કાર્યવાહી. નશામાં ધૂત થઈને રસ્તે આવતા જતા રાહદારીઓની જિંદગી જોખમાય તેમ ગફલતભરી રીતે કાર હંકારનાર ની સમા પોલીસે ધરપકડ કરી કાન પકડાવી, ઉઠક બેઠક કરાવી કાયદાના પાઠ ભણાવ્યા. પકડાયેલ આરોપીનું નામ તરુણ નિલેશભાઈ સોની. ઉંમર વર્ષ 21, શિવમપાર્ક સોસાયટી, મેટ્રો હોસ્પિટલ પાસે, હરણી, વડોદરા.

વડસર-સુસેન રોડ પર ડમ્પર ચાલકો બન્યાં બેફામ, કારને અડફેટે લીધી

ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ માત્ર કાગળ પર ? ટ્રાફિક પોલીસની રહેમનજર હેઠળ દોડતા મોતના સોદાગરો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ઘટનાની વિગત મુજબ, વડસર-સુસેન રોડ પર પ્રથમ અકસ્માત ડમ્પર અને કાર વચ્ચે સર્જાયો હતો, જેમાં ડમ્પર ચાલકે ગફલતભરી રીતે કારને ટક્કર મારી હતી. કારમાં સવાર પરિવાર તરસાલી ખાતે લગ્ન પ્રસંગમાં જઈ રહ્યો હતો. કારમાં સવાર પરિવારનો આબાદ બચાવ થયો છે, પરંતુ કારને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. અકસ્માતને પગલે ટ્રાફિક જામ સર્જાયો હતો. તેવામાં આ ભય હજુ ઓસરે તે પહેલા જ એક કોંક્રિટ મિક્સર મશીને બીજી કારને અડફેટે લેતા અફરાતફરી

મચી ગઈ હતી. સદનશીબે કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ સવાલ એ છે કે જો કોઈ ટુ-વ્હીલર સવાર આ અકસ્માતનો ભોગ બન્યું હોત તો જવાબદાર કોણ ? સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો આક્ષેપ છે કે નો-એન્ટ્રીના સમયમાં પણ આ રૂટ પર ભારે વાહનોનો જમાવડો જોવા મળે છે. ચેકપોસ્ટ અને પોલીસ હોવા છતાં આ ભારદારી વાહનો શહેરમાં ઘૂસે છે કેવી રીતે ? શું પોલીસ માત્ર હેલ્મેટ અને પીયુસીના નામે સામાન્ય જનતાને દંડવામાં જ વ્યસ્ત છે ? માતેલા સાંઢ માફક દોડતા ભારે વાહનોનું સામ્રાજ્ય છે.

મોતનું સચોટ કારણ જાણવા વન વિભાગ દ્વારા પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરાઈ

અકોટા બ્રિજ નીચેથી સાડા ત્રણ ફૂટનું મગરનું બચ્ચું મૃત હાલતમાં મળી આવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરાની મધ્યમાંથી પસાર થતી વિશ્વામિત્રી નદી, જે મગરોનું કુદરતી રહેઠાણ માનવામાં આવે છે, ત્યાંથી આજે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વડોદરાના અકોટા બ્રિજ નીચે નદીના કિનારેથી આશરે સાડા ત્રણ ફૂટ લાંબુ મગરનું બચ્ચું મરેલી હાલતમાં મળી આવતા વન્યજીવ પ્રેમીઓમાં ચિંતા વ્યાપી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, અકોટા બ્રિજ પરથી પસાર થતી કોઈ રાહદારી વ્યક્તિની નજર નદી કિનારે પડી રહેલા મગર પર પડી હતી. આ અંગેની જાણ તાત્કાલિક વન્યજીવ સંરક્ષક ટીમને કરવામાં આવી હતી. માહિતી મળતા જ વન્ય જીવ સંરક્ષક ટીમ ઘટનાસ્થળે

પહોંચી ગયા હતા. તપાસ કરતા જણાયું હતું કે આશરે સાડા ત્રણ ફૂટનું મગરનું બચ્ચું મૃત અવસ્થામાં હતું. વન્યજીવ સંરક્ષણ ટીમ દ્વારા તાત્કાલિક આ બાબતે ફોરેસ્ટ વિભાગને જાણ કરવામાં આવી હતી.

ફોરેસ્ટ વિભાગની ટીમ સ્થળ પર પહોંચ્યા બાદ, મરેલા મગરને વિશ્વામિત્રી નદીમાંથી બહાર કાઢવામાં આવ્યો હતો અને આગળની તપાસ માટે વન વિભાગને સુપરત કરવામાં આવ્યો હતો. મગરના મૃત્યુનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વન્યજીવ સંરક્ષક નું કેહવુ છે કે, "મગરનું મૃત્યુ કયા કારણોસર થયું છે, તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે. હાલમાં અમે મૃત મગરને ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટને સોંપી દીધો છે અને તેઓ આગળની કાર્યવાહી કરશે"

ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરમાં વિશ્વામિત્રી નદીમાંથી અવારનવાર મગરો રહેણાંક વિસ્તારોમાં આવી જવાના કે રેસ્ક્યુના કિસ્સાઓ બનતા હોય છે, પરંતુ આ રીતે મગરનું બચ્ચું મૃત હાલતમાં મળી આવતા વન વિભાગ દ્વારા તેના કારણો શોધવા તપાસ તેજ કરવામાં આવી છે.

નશામાં ચૂર ચાલક લોહીલુહાણ થયો, પોલીસે લોકઅપના સળિયા ગણતો કરી દીધો

'ડ્રિંક એન્ડ ડ્રાઈવ': વડોદરાના કોયલી પાસે બોલેરો ચાલકે સર્જ્યો ગમખ્વાર અકસ્માત

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા નજીક આવેલા ગુજરાત રિફાઈનરી રોડ પર ગઈકાલે એક નશામાં ધૂત બોલેરો કેમ્પરના ચાલકે બેફામ રીતે વાહન હંકારી ગમખ્વાર અકસ્માત સર્જ્યો હતો. દારૂના નશામાં ચૂર ચાલકે રોડ પર જતી અન્ય એક કારને ટક્કર મારી હતી અને ત્યારબાદ વાહન ડિવાઈડર સાથે અથડાયું હતું. આ ઘટનામાં એક બાઈક ચાલકનો આબાદ બચાવ થયો હતો, જ્યારે નશામાં ધૂત ડ્રાઈવર પોતે લોહીલુહાણ હાલતમાં ઈજાગ્રસ્ત થયો હતો.મળતી માહિતી મુજબ, ગુજરાત રિફાઈનરી રોડ પર આવેલા ગંગાનગર સોસાયટીના

નાકે કોયલી ખાતે એક સફેદ રંગની બોલેરો કેમ્પર ગાડીના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ડ્રાઈવર નશાની હાલતમાં હોવાથી ગાડી રોડ પર આડી - તેડી રીતે ચાલી રહી હતી. આ દરમિયાન તેણે એક કારને જોરદાર ટક્કર મારી હતી અને અંતે ગાડી રોડના ડિવાઈડર સાથે ધડાકાભેર અથડાઈને ઉભી રહી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બોલેરો ચાલક પોતે પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિક લોકો અને રાહદારીઓના ટોળા એકત્ર થઈ ગયા હતા.

લોકોએ તાત્કાલિક આ અંગે જવાહરનગર પોલીસને જાણ કરી હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે કાર ચાલક નશામાં લથબથ હાલતમાં મળી આવ્યો હતો. પોલીસે આરોપી ડ્રાઈવરની અટકાયત કરી તેની પૂછપરછ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી ચાલકનું નામ અજય રાજેન્દ્રભાઈ ગોહિલ (ઉંમર 20 વર્ષ, રહે. બળિયાદેવ નગર, રામપુરા ગામ, તા.જી. વડોદરા) છે. અજય વ્યવસાયે ડ્રાઈવર છે. જ્યારે પોલીસ દ્વારા તેનો બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ કરવામાં આવ્યો, ત્યારે તેના શરીરમાં 53 mg આલ્કોહોલનું પ્રમાણ મળી આવ્યું હતું. આ ઉપરાંત, તપાસ દરમિયાન ગાડીમાંથી દારૂની બોટલ પણ જપ્ત કરવામાં આવી હતી.

તરસાલીથી જાંબુઆ તરફ જવાના હાઇવે ઉપર મોપેડ સવારને ડમ્પરે અડફેટે લેતા અકસ્માત

રફતારના રાક્ષસો બેફામ : ને.હાઈવે 48 પર ડમ્પરની અડફેટે કારખાનેદારનું મોત

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેર અને હાઈવે પર રફતારના રાક્ષસો બેફામ બન્યા છે. ત્યારે, વધુ એક અકસ્માતની ઘટના નેશનલ હાઈવે નંબર 48 ઉપર બની હતી. માતેલા સાંઢની ગતિએ દોડી રહેલા એક ડમ્પરે અડફેટે લેતા મોપેડ સવારનું ઘટના સ્થળે મોત થયું હતું. અકસ્માત સર્જી ડમ્પરનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. બનાવને પગલે ઘટના સ્થળે પોલીસ આવી પહોંચી હતી. અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેર બાદ હવે નેશનલ હાઈવે ઉપર પણ અકસ્માતોની વણથંભી વણઝાર અટકવાનું નામ લઈ રહી નથી.

ત્યાં તો વીતેલા 24 કલાકમાં વધુ એક અકસ્માતની બીજી ઘટના સામે આવી છે. નેશનલ હાઈવે નંબર 48 તરસાલીથી જાંબુઆ તરફ જવાના હાઈવે ઉપર મોપેડ સવારને ડમ્પરે અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, ડમ્પરના આગળના ભાગે એક્ટિવા ઘૂસી ગઈ હતી અને મોપેડ પર સવાર ચાલક ઉપર ડમ્પરના તોતિંગ પૈડા ફરી વળ્યા હતા.

પ્રાથમિક માહિતી અનુસાર મૃતક દોલતરામ મારવાડી જે હાઈવે ઉપર કારખાનું ધરાવે છે. રાબેતા મુજબ તેઓ પોતાના કારખાના ઉપર જઈ રહ્યા હતા. દરમિયાન અકસ્માતની ઘટના બની હતી. પૂર ઝડપે આવી રહેલા એક ડમ્પરે તેમને અડફેટે લીધા હતા અકસ્માત સર્જી ઘટના સ્થળેથી ડમ્પરનો ચાલક ફરાર થઈ ગયો હતો. અકસ્માતને પગલે હાઈવે ઉપર ટ્રાફિક જામ સર્જાયો હતો.

બનાવની જાણ કરવામાં આવતા પોલીસની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ફરાર થયેલા ડમ્પર ચાલકની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે. અવારનવાર થતાં અકસ્માતોને પગલે વિસ્તારના લોકોએ પણ તંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો અને બેકાબૂ બનેલા આવા ભારદારી વાહનો પર અંકુશ લાવવા માંગણી કરી હતી.